બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

શિક્ષણ સેવા સંરક્ષણ

જૂન – ૨૦૨૫
જાન્યુઆરી–જૂલાઈ

વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫

## ગઝલ

સમજુ ને જ સહેવાનું આવે
અંતે તો, મૌન રહેવાનું આવે
ઈર્ષા અહમ ને પોષ્યા પછી પણ
સમજ્યા ત્યારે તે છોડવાનું આવે
વટ્ટ તારો તું પોષે ભલે પણ
અંત સમયે જો મૂકવાનું આવે
સમય ચક્ર હરદમ ઘૂમે છે સંભાળ-
આખર તો સૌએ ત્યાં ઝૂકવાનું આવે
હરિને કાયમ સમરતો રહેજે
આખર જીવ ઉત્સવ બનવાનું આવે.

- પ્રકાશ દિ. હાથી, રાજકોટ.
M. 9979102707

સમાચાર - સફળતા-સિદ્ધિ



• વડોદરા સ્થિત કુ. મૃણાલી મહેતા (હર્ષેશ જીતેન્દ્રભાઈ મહેતા તથા શ્રીમતી પ્રતિભા હર્ષેશ મહેતાનાં પુત્રી)એ પારુલ યુનિવર્સિટીમાંથી 'આંતરરાષ્ટ્રીય વેપાર અને વ્યવસાય' માં એમબીએ. ની પદવી પ્રથમ વર્ગ ડિસ્ટિંક્શન સાથે સાથે મેળવી. કુ. મૃણાલીએ તેમની સ્નાતક પદવી બેચલર ઓફ કોમર્સમાં ફર્સ્ટક્લાસ સાથે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાથી પ્રાપ્ત કરેલ છે. કુ. મૃણાલી, સ્વ. જીતેન્દ્રરાય જશવંતરાય મહેતા તથા સ્વ. નિયંતિકાબહેન જીતેન્દ્રરાય મહેતાનાં પૌત્રી, સ્વ. અજીતભાઈ અને મંજુલાબહેન ત્રિવેદીનાં દોહિત્રી થાય છે.

• જામનગરના જાણીતા સર્જન ડો. ધવલ માંકડ ના પુત્ર ડો. મોહક માંકડે ભુજ અદાણી કોલેજ માંથી M.S. નો અભ્યાસ કર્યો. ત્યારબાદ બેંગ્લોરથી MCH (ONCO- કેન્સર) ની ડીગ્રી પ્રાપ્ત કરી. હાલમાં ડો. મોહક માંકડ અમેરિકા ખાતે fellowship કરી રહ્યા છે. ડો. મોહકનાં પત્ની શ્રીમતી મીરાત ચિલ્ડ્રન સ્પેશિયાલિસ્ટ છે. ડો. મોહક, હરદેવભાઇ માંકડના પૌત્ર થાય છે.

• રાજકોટ : અત્રેના શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૬/૭/૨૫ ને રવિવારના રોજ, શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડિંગ ખાતે રાજકોટ સ્થિત ૯૦ વર્ષથી ઉપરની આયુના વડીલોને સન્માનિત કરવાના કાર્યક્રમ 'વડીલ વંદના'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.
(તે સમયમાં ટૂંકી આવક, ટાંચા સાધનો અને સંયુક્ત કુટુંબ, જેવી પરિસ્થિતિમાં પણ પરિવારજનોના સુખ શાંતિ માટે સ્વ નો ભેખ ધરી શિક્ષણ, કેળવણી અને સંસ્કાર સિંચન દ્વારા સાચું જીવન ઘડતર કરનાર આ વડલાઓ પ્રત્યે કૃતજ્ઞતા-પ્રેમાદર વ્યક્ત કરવાનો અવસર છે.. હાજરી આપી આશીર્વાદ મેળવીએ.)

• અખિલ ભારતીય નાગર પરિષદ રાજકોટ શાખાની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૧/૫/૨૫ ના રોજ સાંજે છ થી આઠ દરમિયાન નાગર બોર્ડિંગના સભાખંડમાં યોજાઈ ગઈ. ૧૪૫ જેટલા સભ્યોની ઉપસ્થિતિમાં શ્રી અભયભાઈ અંજારિયાના સંચાલન હેઠળ યોજાયેલ આ સભા/ કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના ગીતથી થયો. મુ. શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ દ્વારા આશિર્વચન બાદ રાજકોટ શાખા પ્રમુખ શ્રી જે. ટી. બક્ષીએ સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, શિષ્યવૃત્તિ, અનુદાન, મહિલા પાંખની વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી સૌને વાકેફ કર્યા. શ્રીમતી કલ્યાણીબેન વછરાજાનીના નેતૃત્વમાં મહિલા પાંખ ખૂબ જ કાર્યરત છે, તેની વિશેષ નોંધ લેતાં જણાવ્યું કે વર્ષ દરમિયાન ૩૦ માંથી ૨૨ જેટલા કાર્યક્રમ મહિલા પાંખ દ્વારા આયોજિત કરવામાં આવેલ. પરિષદના રાજકોટ શાખાના વરિષ્ઠ હોદ્દેદાર સભ્ય શ્રી શિરીષભાઈ કચ્છીને અમદાવાદ ખાતે યોજાનાર મધ્યસ્થ સમિતિ ની બેઠકનું પ્રતિનિધિત્વ સોંપવામાં આવ્યું જેની સહર્ષ નોંધ લઈ સંબોધનના અંતમાં સંસ્થાના હોદ્દેદારો કાર્યકરો તથા જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતમાં 'વૈષ્ણવજન'ના સમૂહ ગાન બાદ શ્રી યોગેશભાઈ અંજારિયાના સૌજન્યથી સમોસા સોસ (ફૂડ પેકેટ) સાથે ઠંડા પીણા લઈ સૌ છૂટા પડ્યા હતા.

• પોરબંદર : અત્રેના જાણીતા લેખક શ્રી દુર્ગેશ ઓઝાને તેમના બાળવાર્તા સંગ્રહ 'રીંછનો જન્મદિવસ' માટે પ્રતિષ્ઠિત 'અંજુ નરશી પારિતોષિક -૨૦૨૫' સન્માન એનાયત કરવામાં આવ્યું.

• અમદાવાદ : અ.ભા. નાગર પરિષદ દ્વારા આયોજિત બાલોત્સવ-૨૦૨૫ અંતર્ગત શ્લોક હરીફાઈમાં ૩-૬ વર્ષના વિભાગમાં ધિવ્યા દેસાઈએ તૃતીય ક્રમ મેળવ્યો.

# પ્રો. સૂર્યકાંતભાઈ વૈષ્ણવ : શિક્ષણ, સંસ્થા અને અધ્યાત્મમાં અનન્ય પ્રદાન

(વલ્લભ વિદ્યાનગરમાં સ્થાયી મુ. સૂર્યકાંતભાઈ વૈષ્ણવનું શિક્ષણ અને અધ્યાત્મમાં અનન્ય પ્રદાન રહ્યું છે. વિદ્યાવ્યાસંગી કર્મઠ સૂર્યકાંતભાઈએ તેમની દીર્ઘકાલીન કારકિર્દી દરમિયાન અસંખ્ય વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં મૂલ્યવાન યોગદાન આપ્યું છે. આજે ૮૯ વર્ષની વયે પણ શૈક્ષણિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સતત પોતાનું યોગદાન આપી રહ્યા છે. અગણિત સિદ્ધિઓ છતાં નિરાભિમાની સ્વભાવ, પુરુષાર્થ, કર્મનિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા, સાદગી, સંયમ, સાત્વિક આચાર વિચાર જેવા સદગુણો જીવનમાં અનુસરવાની શીખ આપી જાય છે. અત્રે નોંધપાત્ર છે કે શ્રી સૂર્યકાંતભાઈ-મા. તિલોત્તમાબેનનો, શિક્ષણ, કેળવણી, સંસ્કાર અને અધ્યાત્મનો મળેલો વારસો તેમના સમગ્ર પરિવારે પણ સંભાળી ને દિપાવ્યો પણ છે.આવા ‘શિક્ષણ સાધક’મુ. સૂર્યકાંતભાઈ નું જીવન કવન બરછીમાં પ્રકાશીત કરતાં અમે ધન્યતા અનુભવીએ છીએ.- તંત્રી)

<u>શૈક્ષણિક શ્રેષ્ઠતા અને અધ્યાપન</u> : સૂર્યકાંતભાઈનો જન્મ ૧૯૩૬માં વઢવાણ સીટીમાં થયો હતો. તેમણે ૧૯૫૯માં શ્રી લખધીરજી એન્જિનિયરિંગ કોલેજ, મોરબી માંથી બી.ઈ. (સિવિલ એન્જિનિયરિંગ), ૧૯૬૪માં સરદાર પટેલ યુનિવર્સિટી.માંથી એમ.ઈ. (સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ) અને ૧૯૮૨માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. તેઓ વલ્લભ વિદ્યાનગરની બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય - એન્જિનિયરિંગ કોલેજમાં લાંબા સમય સુધી કાર્યરત રહી અનેક ઈજનેરોની ઘડતરકાર્યમાં મહત્વની ભૂમિકા ભજવી. ૧૯૯૭માં આ સંસ્થામાંથી નિવૃત્ત થયા.

<u>સંસ્થાઓના નિર્માણમાં યોગદાન</u> : નિવૃત્તિ પછી, પોતાના વઢવાણના મૂળ વતનમાં તેઓએ શ્રી વર્ધમાન ભારતી ટ્રસ્ટના આમંત્રણથી શ્રી સી યુ. શાહ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીની સ્થાપનામાં ટેક્નિકલ કન્સલ્ટન્ટ તરીકે માર્ગદર્શન આપ્યું. બાદમાં ત્યાં શ્રી સી યુ. શાહ યુનિવર્સિટીની સ્થાપનાની દિશામાં તેમણે માળખાગત દસ્તાવેજો તૈયાર કર્યા. ગુજરાત સરકારની માન્યતા બાદ ૨૦૧૪થી આ યુનિવર્સિટી સફળતાપૂર્વક કાર્યરત છે. આ ઉપરાંત, સરદાર પટેલના સ્વપ્ન થકી આકાર પામેલ વલ્લભ વિદ્યાનગરની સ્થાપક, ગુજરાતની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા- ચારૂતર વિદ્યામંડળના આમંત્રણ પર તેઓએ એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (ADIT) ની સ્થાપનામાં પણ સહયોગ આપ્યો અને સ્થાપક આચાર્ય તરીકે ૨૦૦૦થી ૨૦૦૨ સુધી ફરજ બજાવી. બાદમાં મે ૨૦૦૮થી જુલાઈ ૨૦૦૯ દરમિયાન તેમણે ચારૂતર વિદ્યામંડળમાં સહમંત્રી તરીકે પણ જવાબદારી સંભાળી.

શ્રી વૈષ્ણવ વર્ષો સુધી સરદાર પટેલ સેનેટ (૧૭ વર્ષ) અને સિન્ડિકેટ (૧૨ વર્ષ) ના સક્રિય સભ્ય રહી અગ્રણી શૈક્ષણિક અને નીતિગત નિર્ણયોનો હિસ્સો રહ્યા. તેમણે અધ્યાપકોના અધિકારો અને ગુણવત્તાસભર શૈક્ષણિક માળખાં માટે મક્કમતા સાથે અવાજ ઉઠાવ્યો. તેઓની સંવેદનશીલતા અને દૃઢ પ્રતિનિધિત્વએ અધ્યાપકોની વિશેષ ચાહના મેળવી.

<u>ઈજનેરી શિક્ષણમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રદાન</u> :૧૯૯૯–૨૦૦૨ ISTE (Indian Society for Technical Education, New Delhi)ના ગુજરાત વિભાગના ચેરમેન તરીકે અને ૨૦૦૩–૨૦૦૮ નેશનલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે તેમની કામગીરી પ્રશંસનીય રહી. તેઓને ISTE, નવી દિલ્હી તરફથી “Honorary Fellow” તરીકે પણ સન્માનિત કરવામાં આવ્યા. તેઓ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ઇન્ડિયા), વલ્લભ

વિદ્યાનગર લોકલ સેન્ટરના મંત્રી (૧૯૮૭–૮૯) અને ચેરમેન (૧૯૮૯–૯૧) તરીકે રહી ચૂક્યા છે, આજે પણ આ સંસ્થાના આજીવન સભ્ય છે.

<u>અધ્યાત્મ અને માનવિક મૂલ્યો સાથે નાતો</u> : શિક્ષણ સાથે સાથે સૂર્યકાંતભાઈનું જીવન અધ્યાત્મથી પ્રેરિત રહ્યું છે. મહાત્મા ગાંધી, આચાર્ય વિનોબા ભાવે અને શ્રીઅરવિન્દના વિચારો આત્મસાત કરી જીવનમાં ઉતાર્યા છે. વલ્લભ વિદ્યાનગરમાં શ્રી અરવિંદ સાધના કેન્દ્રના સ્થાપક મંત્રી તરીકે અને પોન્ડિચેરી સ્થિત શ્રી અરવિંદ સોસાયટીની ઓમપુરી શાખામાં ઉપપ્રમુખ અને માનદ મંત્રી તરીકે સેવાઓ આપી છે. તેઓનું નિવાસ સ્થાન“ઈશાવાસ્યમ” લગભગ ૨૫ વર્ષ સુધી સાપ્તાહિક અધ્યાત્મ પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે. દર અઠવાડિયે વિવિધ વિષયો પર ચિંતન અને સંવાદ થાય, જેમાં મિત્રો પોતાના આંતરિક અનુભવો અને વાંચન આધારિત દૃષ્ટિકોણ રજુ કરતા.

<u>સાહિત્યસર્જન અને ચિંતન</u> : સૂર્યકાંતભાઈના ચિંતનના પ્રકાશપથમાંથી અનેક પુસ્તકો જન્મ્યા છે. 'ચિંતનાત્મક વાર્તાલાપો' (બીજી આવૃત્તિ) તેમના વિચારવિમર્શનું દસ્તાવેજ છે. અધ્યાત્મલક્ષી પુસ્તકો જેમ કે 'પવિત્ર ગ્રંથોનું આચમન' અને 'ઉપનિષદ આચમન' એ આધ્યાત્મિક સંસ્કૃતિને વધુ વ્યાખ્યાયિત અને લોકપ્રિય બનાવી છે. ISTE દ્વારા તેમના બે પુસ્તકો – Highlights of the Proceedings અને Distinguished Dignitaries of ISTE પ્રકાશિત થયેલા છે. તેમના દ્વારા લખાયેલા ગ્રંથો આજે ટેકનિકલ તથા આધ્યાત્મિક શિક્ષણના ક્ષેત્રે માર્ગદર્શક તરીકે ઉપયોગી બની રહ્યા છે. તેમણે રાજ્ય/વૈશ્વિક સ્તરે તકનીકી અને અધ્યાત્મના વિષયોમાં અનેક પ્રવચન આપેલ છે.

<u>ગૌરવવંતો પરિવાર</u> : શ્રી સૂર્યકાંતભાઈના પિતામહ શ્રી પ્રજારામભાઈ વઢવાણ રાજ્યમાં સચિવ હતા. દાદી શ્રીમતી પ્રધાનબહેન સહૃદય સેવાભાવી તરીકે ઓળખાતાં. તેમના નાનાબાપુ શ્રી શંભુપ્રસાદ દેસાઈ વસાવડના દરબાર હતા. નાની શ્રીમતી મુક્તાબેન જુનાગઢના વૈષ્ણવ કુટુંબનાં દીકરી હતાં. શ્રી સૂર્યકાન્તભાઈના માતા-પિતા: વીરબાળાબેન અને વિષ્ણુપ્રસાદ વૈષ્ણવ પાસેથી તેમને ભક્તિ, સાદગી, સેવા, સ્વાશ્રય, વિદ્યાપ્રેમ અને દેશપ્રેમના સંસ્કાર મળ્યા. તેમનાં પત્ની શ્રીમતી તિલોત્તમાબેન શ્રી રસિકલાલ શિવલાલ વસાવડા (રાજકોટ)નાં પુત્રી છે અને વિદ્યાનગરના મહિલા મંડળમાં ટ્રસ્ટી તરીકે સંલગ્ન છે. તેઓ ૧૯૫૯થી વલ્લભ વિદ્યાનગરમાં સ્થાયી છે અને “ઈશાવાસ્યમ” ખાતે પોતાનું નિવૃત્ત જીવન પુત્ર-પુત્રી, પુત્રવધૂ અને પૌત્ર સાથે વિતાવી રહ્યા છે.

સૂર્યકાંતભાઈનું જીવન ઉદ્યમ, અધ્યાત્મ અને આત્મવિશ્વાસના ત્રિવેણી સંગમનું અનોખું ઉદાહરણ છે – જ્યાં શિક્ષણ માત્ર કારકિર્દી નહીં, પણ સેવા અને સાધનાનું સાધન બની રહે છે, જે સંસ્થાના નિર્માણમાં માર્ગદર્શક, નીતિનિર્માતા અને આધ્યાત્મિક ચિંતક તરીકે નવી પેઢીને જ્ઞાન અને જીવનમૂલ્યો બંને માટે પ્રેરણારૂપ છે.

**જીવનમાં ટેન્શન ફ્રી રહેવા હાસ્ય જરૂરી છે..જે માટે આ અંકમાં વાંચો નીચે આ બોક્સમાં પ્રકાશિત ટૂચકા અને હળવી વાત..(શ્રી રમેશ સંઘવી સંપાદિત 'અમીઝરણાં'માંથી સાભાર)**

*પાડોશીઓ નિસ્વાર્થ ખૂબ પ્રશંસા કરે છે કારણ કે એથી એમને ઘણો ફાયદો થાય છે.

*એક માણસે મૂરખને પૂછ્યું : અક્કલ બડી કે ભેંસ?
મૂરખે થોડીવાર માથું ખંજવાળી અને પછી કહે : પણ, પહેલાં બંનેની જન્મ તારીખ તો કહો યાર !’

# વંશવૃક્ષ - આંબો , એક આવશ્યકતા

જાણવા યોગ્ય

નાનકડી પૌત્રીએ પૂછ્યું ,' દાદા, તમારા દાદાના દાદાનું નામ શું ?' મેં ખુબ ઝડપથી જવાબ આપ્યો કે ' માધવજીભાઈ માંકડ .'- પૌત્રી ખુશ. .હું એટલે જવાબ આપી શક્યો કે મને મારી પાંચ સાત પેઢીની ખબર છે.

મિત્રો ,બહુ ઘણા ને થશે કે એની જરૂર શું ? પણ તે જાણવાની અનેક અનેક જરુઈયાત છે. આપણો દેશ પરિવાર પ્રથાનો હિમાયતી છે.પરિવારમાં સંબંધોને પણ એટલું જ પ્રાધાન્ય છે.એમાંય આપણે નાગરો તો કુટુંબમેળાને મોટો મેળો માનીએ છીએ.વાર તહેવારે કુટુંબમેળા યોજ્યા જ કરીએ છીએ.

ગૌરવની વાત છે કે આપણી જ્ઞાતિમાં મોટાભાગનાની અગાઉની પેઢી પાસે ભવ્ય ઇતિહાસ હોવાનો. રાજાશાહીમાં કે ઉચ્ચ સરકારી હોદ્દા કે મોટી પેઢીના અંગત અને વિશ્વાસુ સલાહકારની ભૂમિકામાં રહેલી છે. આપણા કેટલાય વડીલોએ એવાં દીર્ઘકાલીન કાર્યો કર્યાં છે જેના મીઠાં ફળ આપણે - સમાજ આજે પણ ભોગવીએ છીએ.પણ જો આપણને આપણી જ પેઢીની ખબર ન હોય શું આપણે ગૌરવ લઇ શકીએ ખરા? અને જો ખબર હોય તો તેના જ વંશ વારસ તરીકે તેમની ગૌરવ ગાથાને યાદ રાખીને જીવનમાં આગળ વધવા પ્રયત્નશીલ રહીએ.

વર્તમાન સમયમાં ધીમે ધીમે કુટુંબો નાના થતાં જાય છે. સારા પ્રસંગે કુટુંબીઓને નિમંત્રિત કરવાના હોય.ત્યારે ઘણીયે વાર ઘરના સભ્યોને જ થોડાં દૂરના સગાંના નામ યાદ ન હોય.આવી જ સમસ્યા કુટુંબના માંદા કે માઠા પ્રસંગે થાય.એમાંય કોઈ પ્રસંગે કોઈ સંકુચિત મનના સગા ને કહેવાનું ભુલાયુ તો જન્મ જન્મના વેર બધાય.

મિત્રો, સોશિયલ મીડિયા અને મોબાઈલ આવ્યા પછી આપણે સહુ કહેવાતા નજીક આવ્યા છીએ પણ હકીકતમાં આપણે નજીક નહિ પણ દૂર જતા હોઈએ એવું ક્યારેક લાગે છે.કેમકે ઘણી વખત આપણા દાદાનું નામ ખબર હોય પણ પરદાદાનું નામ ઘણા ઘણા ને ખબર નહિ હોય..શું આ યોગ્ય છે ખરું ? વાસ્તવિકતા એ છે કે જો આપણે સમયસર નિકટ નહિ આવીએ તો પશ્ચિમી પ્રવાહમાં આપણી ગૌરવવંતી જ્ઞાતિ કે અટક નામશેષ થઇ જશે.પણ હાટકેશ દાદા એવું નહિ થવા દે.

મોટાભાગના આ 'વંશવૃક્ષ' શબ્દથી પરિચિત હશે એને 'આંબો' તરીકે પણ ઓળખાય છે ' આપણી અગાઉની શક્ય તેટલી વધારે પેઢીની વિસ્તૃત વિગત એટલે વંશવૃક્ષ.-આંબો .આપણી ગૌરવવંતી પેઢીના મીઠા ફળ આપણે આજે પણ આરોગીએ છીએ એટલે વંશવૃક્ષને ' આંબા' નું પર્યાયવાચી નામ અપાયું છે.

આપણે સહુ જીવન સફરમાં સોળ સંસ્કાર ધારણ કરીએ છીએ. નામકરણ,અન્નપ્રાશન યજ્ઞોપવિત, લગ્નથી માંડી અંતિમ ગંતવ્ય સુધીના સંસ્કાર આપણે અપનાવીએ છીએ.તે ખુબ સારી વાત છે.અલબત્ત પ્રસંગો ઉજવવાની પદ્ધતિઓ થોડી થોડી બદલાય જરૂર છે પણ ગમે તેમ સંસ્કાર જળવાય છે તે ખુબ અગત્યનું છે.આવા કેટલાય સંસ્કારમાં સંબન્ધોની વાત સાચવવાની પણ આવે.કેટલાક પ્રસંગે તો વંશવૃક્ષ પણ યાદ કરવું પડે. સગપણ - લગ્ન વખતે પણ બે પક્ષના માતા પિતાની ચાર પાંચ પેઢી અવશ્ય જોવાય છે.આ બધી વાત માત્ર શાસ્ત્ર આધારિત નથી પણ વૈજ્ઞાનિક પણ છે જ. જિનેટિક વિજ્ઞાનની શાસ્ત્રીય વાત , આપણી આવતીકાલનો વિચાર કરે છે.

થોડા સમય પહેલાં એક નિકટ સ્નેહીનો ફોન આવ્યો.મારાં ફોઈ, એમના દાદી થાય.તેમના પરિવારમાં નિધન પામેલાની વિધિમાં મારાં ફોઈની ત્રણ પેઢીના દિવંગતોના નામ જોઈતાં હતા.સદ્નસીબે મારી પાસે વિસ્તૃત માંકડ અટકનું વંશવૃક્ષ હાજર હતું અને આપી શક્યો.

એક વાત નિ:શંક છે કે વિદાય લઇ ગયેલી અનેક પેઢીના દિવંગતો અંતરિક્ષ કે પરલોકમાં ક્યાંક વિરાજમાન છે અને તેમની અમી દૃષ્ટિ આપણા પર પડતી જ હોય છે. વિજ્ઞાન પુરવાર કરે કે ન કરે પણ આ વાત શાસ્ત્રીય છે અને સ્વીકારવાની હોય જ.અહીં વંશવૃક્ષની ખુબ જ પ્રાથમિક આવશ્યકતા છે. ભારતીય શાસ્ત્રીય વિધિમાં વિદાય પામેલી વ્યક્તિને તેમની અગાઉની પેઢી સાથે સંયોજિત કરવા માટે વિધિ વખતે તેમનું પણ સ્મરણ કરવામાં આવે છે.

વર્તમાન સમયમાં ૫૦+ ઉંમરમાં જ્ઞાતિજમો મોટાભાગે વંશવૃક્ષ વિષે જાણતા હશે.પણ પછીની પેઢી મૉટે ભાગે તેના વિષે જાણતી પણ નહિ હોય અને જાગૃત પણ નહિ હોય. આ મોટી ચિંતાનો વિષય છે એટલે સમયની સાથે આપણે સહુએ સાથે મળીને વંશવૃક્ષનું મૂલ્ય જ્ઞાતિમાં,પરિવારમાં વધારવું-વિકસાવવું પડશે જ..

કચ્છના મુ. ઋષિકાન્ત વોરા જેવા કેટલાક વડીલોએ આ બાબત અગાઉ ખુબ જહેમત ઉઠાવી છે.એમને સાદર પ્રણામ કરવા જ પડે. વ્યક્તિગત જાણકારી મુજબ માંકડ અટકનું પ્રથમ વંશવૃક્ષ ૧૮૮૪ માં થયેલ તે પછી રાજકોટના ગુલાબરાય મંકોડી વગેરે વડીલોએ ૧૯૬૩ માં તૈયાર કરેલ.મોબાઈલ,કે મેઈલ વગરના જમાનામાં આ વડીલોએ આપણા માટે કેટલી મહેનત કરી હશે તેની કલ્પના જ કરવી મુશ્કેલ છે. મા. શર્મિષ્ઠાબહેન માંકડ પરિવાર દ્વારા તેમના પુત્ર શ્રી યજ્ઞેશભાઇ માંકડે પણ કચ્છના માંકડ અને વૈષ્ણવ અટકના વંશવૃક્ષ ખુબ જ અદ્યતન રીતે તૈયાર કર્યા છે.તેમણે તો પુસ્તક સ્વરૂપ ઉપરાંત લાબું વિચારીને નવી પેઢીને અનુકૂળ પડે તે માટે પેન ડ્રાઈવે અને pdf સ્વરૂપ પણ તૈયાર કરી આપ્યા છે. જે update કરી શકાય છે. એ જ અંતાણી,ધોળકિયા,બુચ વગેરેના પણ તૈયાર થયાનું સાંભળ્યું છે..આવો સંનિષ્ઠ પ્રયાસ બીજા પરિવારોએ પણ કર્યો જ હશે એ સહુ અભિનંદનના અધિકારી છે.

અને ન કર્યો હોય તો પહેલ કરીને વિલંબ વગર શરુ કરી જ દેવો પડશે, ઘરમાં વંશવૃક્ષ હોય તો હાથવગું રાખીને પરિવારજનોને અને ખાસ કરીને સંતાનો -નાના બાળકોને સુપરિચિત કરવાં જ પડશે. આ સમયની તાતી માંગ છે..મિત્રો દિવસો દિવસ સમાજના પરિમાણો ખુબ ઝડપી રીતે બદલાય છે. પરિવારો નાના થતા જાય છે. જ્ઞાતિ પ્રત્યેના ગૌરવ કે જોડાણ પ્રત્યેની ભાવના ઓસરતી જાય છે.સગાં કરતાં વહાલાંનું મહત્ત્વ વધતું જાય છે. અહીં સારા ખરાબની કે યોગ્ય અયોગ્યની ચર્ચા જ નથી, પણ આપણી પોતાની આવતીકાલ માટે,આપણી ઉજ્જવળ ગઈકાલને જાણવી એટલી જ આવશ્યક છે માટે પણ વંશવૃક્ષ આવશ્યક છે. અસ્તુ .

- દિનેશ લ. માંકડ અમદાવાદ. M. 94279 60979

*ડોક્ટર કોઈ એવી દવા આપો, કે મારા બધાં દર્દ ભાગી જાય અને હું કોઈ દિવસ માંદો ન પડું તેમજ સતત તબિયતની કાળજી રાખું.'
'એ કામ મારી દવાથી નહીં થાય, પણ મારું બિલ આવશે એટલે થશે.'

અધ્યાત્મ

# મન અને મનની શાંતિ.

એક સાધકે તેના ગુરુને કહ્યું કે મને ભૂત સાધી આપો જેથી હું મારા બધા કામ તેની પાસે કરાવું.ગુરુ એ ભૂત સાધીને,સાધકને હવાલે કર્યું.

સાધક તેને લઈ પોતાને સ્થાને ગયો.ભૂતને જે કામ સોંપે તે ફટાફટ કરી દે ને સાધકને કહે:

'લાવ બીજું કામ નહીંતર હું તને પછાડીને ઉપર બેસી જઈશ!'

સાધક સતત તો કેટલાં કામ સોંપે?,ગભરાયો ને દોડ્યો ગુરુ પાસે અને પરિસ્થિતિ જણાવી. સાધુએ એક મોટો વાંસ આપ્યો ને કહે: 'જા આ તારી જગ્યામાં ખોડી દે અને ભૂતને કહે જ્યાં સુધી હું બીજું કોઈ કામ ન સોપું ત્યાં સુધી આ વાંસ પર ચડ ઉતર કર.'

આ ભૂત એટલે આપણાં પર 'ચડી' બેઠેલું મન!

ચંચળતા એ જ મનની જીવંતતા છે.મન ને વશ કર્યું,તો તમે 'જીત્યા' ને 'જીવ્યા'!,અને તમે તેના 'વશ' માં થયા તો તમે 'હાર્યા' ને 'મર્યા' !

આથી,કોઈ કામ ન કરતાં હોઈએ ત્યારે,મનને વાંસ એટલે જે પ્રિય હોય તે પ્રભુનું નામ અને તેમાં ચડ ઉતર એટલે પ્રભુના નામના રટણ! માં વ્યસ્ત રાખવું જોઈએ. આથી,આધ્યત્મિક બળ વધે છે.

આપણો આત્મા,ઈશ્વરનો અવિનાશી અંશ છે.

પણ આત્માએ શરીર (એટલે કે દેહ અને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર) સાથે એટલી તાદાત્મ્યતા કેળવી લીધી છે કે,આત્મા પોતાને શરીર જ માને છે.

જેમ રીક્ષા કે ટેક્ષી ચાલક પોતે, રીક્ષા કે ટેક્સી ન હોવા છતાં,તેની રીક્ષા કે ટેક્ષી સાથેની તાદાત્મ્યતાને કારણે; આપણે બૂમ પાડીએ કે 'રીક્ષા,,,,ટેક્સી' તો પોતે રીક્ષા કે ટેક્ષી ન હોવા છતાં ઉભો રહી જાય તેમ,જીવાત્મા શરીર સાથે તાદાત્મ્યતા કેળવી લે છે.

પ્રકૃતિમાં પરસ્પર વિરોધાભાસી દ્વંદો છે તેમ મન પણ સુ-મન અને કુ-મન નો દ્વંદ્વ ધરાવે છે.એટલે કહેવાય છે કે મન મિત્ર પણ છે અને શત્રુ પણ છે.સામાન્યત:,કુ-મનનું વર્ચસ્વ વધારે હોય છે.

વિવેકબુદ્ધિ (સાચું-ખોટું,સારું-નરસું પારખતી બુદ્ધિ) થી સારા કર્યો માટે 'હા' અને ખોટા કાર્યો માટે 'ના' નો નિર્ણય લઈ શકાય છે.અલબત્ત આ નિર્ણયો આધ્યત્મિક બળ હોય તો જ શક્ય છે.

"बिनु सत्संग विवेक न होई, राम कृपा बिनु सुलभ न सोई।" -रामचरितमानस

अर्थ है कि सत्संग के बिना विवेक (बुद्धि) नहीं होता है और श्री राम की कृपा के बिना सत्संग सहज में नहीं मिलता।

મન એટલું પાવરફુલ છે કે તેણે વ્યક્તિઓની જીવની પર સત્તા જમાવી દીધી છે!ખરી સત્તા એટલેકે આત્માની પણ અવગણના કરે છે.આમ વ્યક્તિઓમાં 'મનોરાજ' ચાલે છે.ખોટું છે તેવી જાણ હોવાછતાં પણ વ્યક્તિ ખોટાં કાર્યો કરે છે અને પછી પસ્તાય છે કારણકે વિવેક ને તો કોઈ અવકાશ જ નથી.આથી તો ખરાબ કર્મોના પરિણામસ્વરૂપ કોર્ટો અને જેલો ભરેલી છે.

ઇન્દ્રિયો 'ઘોડા' છે,દરેક ઇન્દ્રિય સાથે જોડાયેલ મન 'લગામ' છે,રથ 'અહંકાર' છે, બુદ્ધિ 'સારથી' છે અને

રથી-રથમાં બેસેલ-જીવાત્મા છે !

મન ઇન્દ્રિયોની મદદથી કાર્ય કરવાની યોજના ઘડે છે અને મન એ બુદ્ધિને પણ પોતાના કબ્જામાં લઈ લીધેલ હોવાથી,બુદ્ધિ પાસેથી 'સહી સિક્કા' કરાવી-Approval લઈ,દરેક કાર્યને અમલમાં મુકાવી દે છે! આમ,બુદ્ધિ આપણાં દેહનો 'ડ્રાઈવર' છે! જેને GPS-Good Positive Senses-ની જરૂર છે.

મનની ખાસિયત એ છે કે તે એક સાથે તે બે માં વ્યસ્ત-એક્ટિવ રહે છે:કાર્ય અને વિચાર.

આથી વ્યક્તિ જે કોઈપણ કાર્યવાહી કરે તેમાં સંપૂર્ણપણે (100%) હોતી નથી.જેમકે જમવું,ચાલવું, જોવુ,સાંભળવું વિગેરેમાં.

મન તે સમયે જે તે કાર્યવાહીમાં અને સાથોસાથ અન્ય વિચારોમાં પણ મગ્ન રહે છે. આથી,આપણે "ખરેખર" 'જમતા,ચાલતા,જોતા,સાંભળતા' હોતા નથી.

મનને જો શાંત રાખવું હોય તો;

શ્રી.કૃષ્ણએ અર્જુનને કહેલ તેમ "મામનુંસ્મર યુદ્ધ ચ" એટલે કે 'મારું સ્મરણ કરતાં કરતાં યુદ્ધ કર'ના ન્યાયે દરેક કાર્ય કરતાંકરતાં,અંદરને અંદર, ઈશ્વરના નામનું સ્મરણ કરતા રહેવું જોઈએ.આ શક્ય છે કારણકે આપણાં કોઈ કાર્ય યુદ્ધ જેટલાં તો અઘરાં નથી જ.

દરેક કર્મ એકાગ્રતાપૂર્વક કરવું જોઈએ (મોટે ભાગે કામ જલ્દી "પતાવી" દેવાની આંતરિક વૃત્તિ સાથે થતાં હોય છે!) અને તે કર્મ પૂરું થાય તે વખતે, કરેલ કાર્ય અને તે માટે લીધેલો સમય,મનોમન ઈશ્વરને ચરણે ધરી દેવો જોઈએ.આ સમર્પણ,અમુક અમુક સમયે અથવા છેવટે સુતા પહેલાં, આખા દિવસના કરેલ કાર્યો અને તે માટે લીધેલો સમય, મનોમન ઈશ્વરના ચરણમાં સમર્પિત કરવાં જોઈએ.

"त्वदीयं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये"

अर्थात,

"हे गोविंद, तुम्हारा ही सब दिया हुआ है, तुम्हें ही समर्पित करता हूं".

માનવી બધું જ પ્રાપ્ત કર્યા પછી અંતે તો મનની શાંતિ જ ઝંખે છે.કાર્ય કરતી વખતે ઉપર મુજબ અને આરામ,નિરાંતના સમયમાં પણ; જો વ્યક્તિ ઈશ્વરની સ્મૃતિ સાથે જોડાયેલી રહે તો ફળસ્વરૂપ મનની શાંતિ અવશ્ય મળે.

- દિપક બુચ - અમદાવાદ.
M. 9427616511

સ્વ રચીત હાઇકુ.

*મેઘ ગગડયા
મોર ગહેકીયા, યાદ,
તુજ કંઠની.

*ચંદ્ર ચાંદની
આંગણામા વરસે
અમૃત ધારા.

*વિધીના લેખ
પતાની બાજી,રમો
જેવુ નસીબ.

*તરસ્યો સુયે
ગાગરમા ઉતરે
પ્યાસ બુજાવે.

*વીજ ચમકી
આભમા રમે, જાણે,
સંતાકુકડી.

*માચીસ બોક્સ
જેવા ફ્લેટ, આપણે
સૌ દિવાસલી.

- પરેશ વોરા-રાજકોટ.

*દેશ ગયા, પરદેશ ગયા, ને શીખી લાવ્યા વાણી, વોટર કહેતાં જીવ ગયો ને ખાટલા નીચે પાણી!

*દરદી : ડોક્ટર ! બહુ જ પીડા થાય છે. સહેવાતું નથી. આના કરતાં મરી જવું સારું.'
ડોક્ટર : 'જરા પણ ચિંતા ન કરો. હવે હું આવી ગયો છું !'

હાસ્યમેવ જયતે

# નિવૃત્તિમાં વૃત્તિ :

શ્રી શાહબુદ્દીનભાઈ વર્ણવે છે તેમ યુવાનીમાં જેવા શારીરિક અને માનસિક ઉલાળા હોય છે તેવા, પણ માત્ર માનસિક હુંકારા; વ્યક્તિ નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે કરતો હોય છે! નોકરીમાં તો અન્ય માટે કાર્ય કર્યું હોય છે તેથી નિવૃત્તિ પછી "પોતાનું કૌવત" પ્રગટાવવા કટિ-બદ્ધ હોય છે,પણ આખરે તે 'નાડું' ઢીલું પડી જતું હોય છે, છૂટી જતું હોય છે!

હું પણ નિવૃત્ત થયો,અરમાનોના 'સામાન' સાથે!

આ કરીશ,તે કરીશ વિગેરે મનમાં ઘણું હતું.તે પૈકીની એક ધારણા હાર્મોનિયમ શીખવાની હતી.

હાર્મોનિયમમાં "સા રે ગ મ પ ધ નિ સા" અને ઊંધું (અવળું જ વધારે ફાવતું હોઈને!),"સા નિ ધ પ મ ગ રે સા " ની તો સારી ફાવટ આવી ગઈ! પણ પછી બે-બે,ત્રણ-ત્રણ સૂરોમાં, ચત્તું-ઊંધું કરવામાં આંગળીઓ લડખડાઈ ગઈ. વળી,કાળી-ધોળીનો ભેદ તો;કળી જ ન શક્યો! છતાં અમુક દિવસ પછી,મને તો ખરી જ, પણ પત્નીને મજા આવી જશે તે 'વિઝન' સાથે ગાયું...."આયે હો મેરી જિંદગીમે તુમ બહાર બનકે બનકે , મેરે દિલમે યુહી રહેના તુમ પ્યાર પ્યાર બનકે. "

શિખનાર પોતે વગાડતો હોય તે જ, બીજાને સંભળાય તેવી ભ્રામકતા ધરાવતો હોય છે ! તેવી ભ્રમિત ભાવનાભર્યા નિજ શ્રવણ સાથે, આંખો મિચીને ગીત જમાવ્યું!

થોડીવારમાં જ શ્રીમતીજી રુમના બારણામાં ઊભીને કહે: "આ શું માંડ્યુ છે?"

મે કહ્યું:"તારા માટે સરસ ગીત "માંડ્યુ" છે",

તો કહે: "અરે હારમિનિયમમાં માત્ર આંગળીઓ જ નહીં,આખી હથેળી દબાતી હોય તેવું લાગે છે ને બેસૂરો અવાજ આવે છે! કાંઈક તો જંપો,આખો બપોર ઘોંઘાટ કરો છો,બાજુવાળા મુકેશને બારમાની એક્ઝામ છે તેનું તો કંઈક વિચારો!"

મુક હાર્મોનિયમ પડતું! ને થયું, આ આંગળીઓ કાળી-ધોળીમાં તો ન ફાવી પણ ચિત્રકામમાં, રંગોના અનેક ઓપ્શન હોઈ; તેમાં તો અચૂક ફાવટ આવી જ જશે!.આથી, ડ્રોઈંગ પેપર્સ લાવ્યો અને શિખાઉપણાંમાં; કલર-પાણીના પ્રમાણમાપનો ગોટાળો ન થાય તે દ્રષ્ટિએ મીણિયા કલર જ લીધા. ગીતાના વાંચન દરમ્યાન બોધ થયેલો કે જે કામ કરો તે ઉત્તમ કરો. તેથી થયું દોરું તો મોનાલીસાનું ચિત્ર જ દોરું! ગુગલમાંથી શોધી કાઢ્યું તેનું ચિત્ર. તે ફોટામાં છે તેવા ચહેરાના આવભાવ ઉપજવવા વાંકો વળી ગયો,માત્ર કલરની આવજાવ થઈ,આવભાવ થયા જ નહીં,થયા જ નહી! તેથી ડ્રોઈંગ પેપરના ડૂચેડૂચા ફેંકતો ગયો અને તેનો ઢગલો થઈ ગયો.

ત્યાં શ્રીમતીજી આવ્યા: 'અરે,આટલા બધા ડ્રોઈંગ પેપર બગાડ્યા! શું દોરતા'તા ?

મે કહ્યું:'મોનાલીસાનું ચિત્ર'.

તે કહે:'અરે,પહેલાં બિલાડાં-કુતરાં દોરાય ને! તેના મોઢાના આવભાવ ગમે તેવા થાય તો વાંધો નહીં. વ્યક્તિના ચહેરા દોરવા કાંઈ સહેલા નથી.તમે કોઈને નહીં ને સીધી મોનાલીસાને જ પકડી! અરે, મોનાલીસા તો થતી થશે ,તમે તો કલર ને ઘસીઘસીને લીસેલીસા કરી નાખ્યા!'

મનમાં થયું વાત સાચી છે મોનાલીસાના ચહેરાના આવભાવ તો ભવોભવ નીકળી જાય તો પણ ન થાય, મારાથી.

ત્યાં પત્નીએ ઉમેર્યું:' હાર્મોનિયમને પડતું મૂક્યું તેમ ચિત્રકામ નેય છોડી દો.એના કરતાં કાંઈક લખો ને. લેખ લખવા એ પણ એક કળા જ છે ને? ”

મેં કહ્યું :તારી વાત સાચી છે.હવે કાંઈક લખવાનું વિચારું, ન પેપરનો બગાડ, ન પેનનો! સીધું લેપટોપમાં ધરબી દેવાનું! ન ગમે તો ડિલીટ! કોઈજાતનો બગાડ જ નહીં!”

લખવા વિષે વિચાર કરતાં થયું કે હવે ક્યાં કોઈ વાંચે છે? પણ 'કર્મણ્યે વાધિકારસ્તે' મુજબ મારે મારું કાર્ય બંધ ન રાખવું જોઈએ તેમ વિચારી ગીતાના અધ્યયન અને તેના સત્સંગ શ્રવણના આધારે એક નાની પુસ્તિકા લખી. થોડી કોપીઓ કઢાવી. તેમાથી એક નકલ ધર્મશ્રદ્ધાર્થી એક ભાઈના ઘેર આપવા ગયો.અતિ ઉત્સાહ અને મગરૂરી લાગણી સાથે તેઓને મારી તે બુકલેટ આપી.

તેમણે હાથમાં લેતાં જ પુછ્યું :'શું છે આ ?'

મેં કહ્યું:'ગીતા પરનું લખાણ',

ઠીક,ઠીક કહીને બુકલેટ સોફામાં બાજુમાં મૂકી દીધી.તેમણે તો ગીતા વાંચી જ હશે,પણ સામાન્યત: એવી માન્યતા પ્રવર્તતી હોય છે કે ગીતા વિગેરે ધાર્મિકગ્રંથો તો મોટી ઉંમરે જ વંચાય! વળી, ઊઠમણાં-બેસણામાં આવી અનેક ધાર્મિક પુસ્તિકાઓ અપાતી હોય છે,જેમાં મુખત્વે માત્ર સ્થાનફેર થતો હોય છે! ઉપરાંત સંત શ્રી વિનોબા ભાવે, શ્રી ગુણવંતભાઈ શાહ વિગેરે જેવા આધ્યાત્મમાં અતિ ઉચ્ચ સ્તરે બિરાજેલા અનેક મહાનુભાવોએ ગીતા પર ગહન અને મનનીય પુસ્તકો લખેલાં છે તેથી,લેનાર ભાઈને કદાચ મનોમન થયું હશે કે તે મહાનુભાવોની તુલનામાં, આ બચોળિયાએ લખી-લખીને તે વળી શું લખ્યું હશે?! તે પણ ગીતા પર!

સ્વાભાવિક છે કે તરત તો કોઈ વાંચે જ નહીં,પણ આપનારને ક્ષણિક સંતોષ બક્ષવા જોવે અને એક-બે પાનાં આમતેમ ફેરવીને પછી, નિરાંતે જોઈશ/વાંચીશ તેમ કહે તો ધરપત થાય કે વાંચશે. તેમના તેવા પ્રતિભાવને અભાવે લાગ્યું કે મેં ફુલટોસ બોલ નાખ્યો ને તે ભાઈએ સિક્સર લગાવી! બોલર નિરાશ થાય તેમ હું નિરાશવદને ઘેર પરત આવ્યો. ઘરમાં દાખલ થતાં જ શ્રીમતીજીએ તે ભાઈની સમાજમાં પ્રવર્તતી ધાર્મિક પ્રતિષ્ઠાને મધ્યનજરે રાખી પૂછ્યું:'તે ભાઈને કેવી લાગી તમારી બુકલેટ,ગમી? તમે કેમ નિરાશ લાગો છો? મેં વિગતે કહ્યું તો કહે:'કાંઈ વાંધો નહીં,આમ ઠેબે ઠેબે જ;જે બનવું હોય એ બનાય. જવા દો,લેખક બનવાનું પણ.તેના કરતાં ફેસબુકમાં જ લખો ને ! હું જોઉં છુ, ભલે ગણ્યાગાંઠયા પણ; તમારું પેઈજ જોનારા અને માણનારા છે. મેં કીધું હા એ જ ઠીક છે.

શ્રીમતીજીએ કહ્યું: ચાલો,મારું માન્યું તો ખરું!'

મેં કીધું: 'સલાહે તારી સિત્તેર ગયા,નિવૃત્તિયાના ફાંકા ગયા!'

બંને ખૂબ હસ્યાં,ને હું વસ્યો ફેસબુકે !

-દિપક બુચ-" dp ",અમદાવાદ. M. 94276 16511

*એક ગામડા ગામનો માણસ એક બેંકમાં લોન લેવા માટે ગયો. એણે જઈને બેંકના અધિકારીને વાત કરી. અધિકારીએ પૂછ્યું : બેંક મેં ખાતા હૈ?
'ના સાહેબ, ખાવા પીવાનું તો ઘરે જ રાખ્યું છે, બેંકમાં નહીં.' ભોળા ગામડિયાએ જવાબ આપ્યો.

# કાશી વિશ્વનાથ યાત્રા – ભાગ-૧ – વર્ષ ૨૦૨૨

ડાયરી

"ચલો બુલાવા આયા હૈ બાબાને બુલાયા હૈ...બમ બમ ભોલે."

ગત બે વર્ષમાં કાશી વિશ્વનાથ મહાદેવના ત્રણ વખત દર્શન કરવા જવાનું થયું જેના સંસ્મરણો રજૂ કરું છુ. તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ સાંજે ઓખા-વારાણસી એક્સપ્રેસમાં મમ્મી, તેની ઑફિસની બહેનપણી અને હું વારાણસી જવા રવાના થયા. તા. ૨૯ના રાત્રે ૨ વાગ્યે બનારસ પહોંચ્યાં. હોટેલ પર પહોંચી આરામ કરી બપોર પછી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગના દર્શન તથા સાંજે ગંગામાં ક્રુઝમાં બેસી નદી તથા ગંગા આરતીનો લ્હાવો લીધો. મંદિરમાં સ્પેશિયલ દર્શન દ્વારા ગયાં હતાં એટલે ઝડપી છતાં શાંતિથી દર્શન થયાં. ક્રુઝમાં તો ખૂબ મજા પડી. આપણાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરના ઉદઘાટન વખતે અલકનંદા અને સેમ માણેક શૉ ક્રુઝ શરૂ કરાવેલ. અમે અલકનંદા ક્રુઝમાં બેઠાં. અમારી સાથે રાજકોટના જ શ્રી ડોલરભાઈ બુચના પૌત્રી દેવાંગીબેન શાપુરી પણ સાથે આવેલાં. ક્રુઝમાં અમને કૉફી અને બિસ્કિટ પીરસાયાં. શરૂઆતમાં વારાણસી વિશે તથા મોદીજીએ ક્રુઝનું લોકાર્પણ કર્યું તેની વિડીયો બતાવી. ને પછી શરૂ થઈ માં ગંગાની સફર. વિશાળ પટ, શાંત વહેતું પાણી, કેટલી બધી બોટ અને અસંખ્ય યાત્રાળુઓથી ગંગા નદી ભરચક હતી. ક્રુઝ ગંગાજીના દરેક ઘાટ પર ફરતી જાય સાથે તેમાં ઓડિયો ચાલુ હોય જેથી એ દરેક ઘાટની કથા આપણને જાણવા મળે. ક્રુઝમાં દેવાંગીબેન પણ અમને દરેક ઘાટ વિશે માહિતી આપતાં જતાં હતાં. તુલસીદાસજીએ બનાવેલ ઘાટ, રાજા હરિશ્ચંદ્રની ગંગા ઘાટ સાથે જોડાયેલી પૌરાણિક કથા સાંભળી આપણી ભારતીય સંસ્કૃતિ વિશે જાણવા મળ્યું. એ સમયે ગંગાજીનું સ્તર ઘણું વધી ગયું હોવાથી ઘાટ પર તો આરતી નહોતી થતી પણ થોડે દૂર કોઈ મકાનના ઉપરના લેવલથી થાય છે. છતાં, કપૂરથી સુગંધિત વાતાવરણમાં ધૂપ-દીપથી થતી ગંગાજીની મહાઆરતી નિહાળી ભાવવિભોર થયાં. લગભગ દોઢથી બે કલાક માં ગંગાના ખોળે વિહરવાનો આનંદ લીધો.

બીજે દિવસે કારતક સુદ છઠ હતી. ઉત્તરપ્રદેશ-બિહારમાં છઠપૂજાનું ઘણું મહત્વ છે. આથી, એ દિવસે ભાવિકો ગંગાપૂજા, ગંગાસ્નાન અને સૂર્યને અર્ઘ્ય આપવા વારાણસી આવે. એ દિવસે ખૂબ ભીડ અને રસ્તા પરના ચક્કાજામને ટાળવા અમે વહેલી પરોઢે ૪:૩૦ વાગ્યે મંદિરમાં દર્શન કરવાં ગયાં. બપોર પછી થોડી ખરીદી કરી. વારાણસીની બજાર ધમધમતી છે. અમારી હોટલની બહારથી જ છઠપૂજાની ઉજવણી જોઈ. એક અલગ તહેવાર અને સંસ્કૃતિ જોવાં મળ્યાં. બોટને વિશેષ શણગાર, ગંગાકિનારે સ્ત્રીઓ દ્વારા માટીની છઠી મૈયાની મૂર્તિ બનાવી, પાસે રંગોળી કરી, ફૂલનો શણગાર અને દીપ પ્રગટાવી મૂર્તિની પૂજાની તૈયારી વગેરેનો અદભુત નજારો નિહાળ્યો. સાંજે રસ્તા પર ઢોલ-નગારાં સાથે વાજતે-ગાજતે છઠી મૈયાની પૂજાર્થે અને દીપદાન કરવા લોકો ગંગા ઘાટ પર ઉમટ્યા હતાં. સ્ત્રીઓ પગમાં અલતો કરીને અને પુરૂષો હાથમાં શેરડીનો સાંઠો તથા પૂજાપો લઈને ઘાટ તરફ જતાં હતાં. પરત ફરતાં સ્ત્રીઓના હાથમાં દીપ પ્રજવલિત મોટી દીવી હતી. સંધ્યા સમયનું એ વાતાવરણ ખૂબ ભાવસભર અને દિવ્ય લાગતું હતું.

ત્રીજે દિવસે અમે સારનાથ જવા નીકળ્યાં. સારનાથ એ ભગવાન બુદ્ધનું ધામ છે જ્યાં તેમણે કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમના શિષ્યોને સૌપ્રથમ ઉપદેશ આપેલો. આથી, તે બુદ્ધ ધર્મનું ઘણું મહત્વનુ યાત્રાસ્થળ ગણાય છે. બિહાર રાજ્યના ગયામાં રોપાયેલ બોધિવૃક્ષની ત્રીજી શાખા અહીં રોપવામાં આવી છે. બુદ્ધનું સુંદર મંદિર પણ છે. ત્યાં એકદમ શાંતિ જાળવવાની. બુદ્ધના દરેક મંદિરો પ્રગાઢ શાંતિ અર્પનાર હોય છે. સોનેરી મૂર્તિ અને નીરવ વાતાવરણ મન-હ્રદયને સ્પર્શી ગયાં. પરિસરમાં સુંદર બગીચો છે. સારનાથમાં સ્તૂપ પણ છે. ભારતમાં જેટલી

જગ્યાએ ભગવાન બુદ્ધના સ્તૂપ છે ત્યાં તેમના અવશેષો રાખ્યા છે – નખ, દાંત વગેરે. સારનાથમાં જે સ્તૂપ છે ત્યાં તેમના વાળની લટ રાખેલ છે. આમ દૈહિક રીતે ભગવાનની હાજરીના પ્રતીક રૂપે એ જગ્યાનું મહત્વ વધી જાય છે. ત્યાં બુદ્ધકાળના અવશેષો, સંસ્કૃતિને જાળવતું મ્યુઝિયમ પણ આવેલ છે. સારનાથમમાંથી પ્રાચીનકાળમાં કેટલાંક અવશેશો મળી આવેલાં તેમાં રાજા અશોકને આપણું રાષ્ટ્રીય ચિહ્ન પણ પ્રાપ્ત થયેલું.

સારનાથમાં મુખ્યત્વે બૌદ્ધ ધર્મ અંગીકાર કરનાર લોકો વસે છે. તેઓ હાથવણાટનું કામ કરતા. ભારત સરકારે તેમને આર્થિક સહાય રૂપે સબસીડી આપવાનું શરૂ કર્યું છે. સારનાથમાં ગામના લોકો દ્વારા બનાવાયેલ સાડી-ડ્રેસ મટીરીયલ વગેરે વિશાળ રેન્જમાં ઉપલબ્ધ છે. અમને સાડી પર ભાત કેવી રીતે પડે, તેમાં રંગ કેવી રીતે પૂરાય, તેનું વણાટકામ કેવી રીતે થાય તે પણ જોવા મળ્યું. સારનાથથી અમે બનારસ હિન્દુ યુનિવર્સિટી તથા અન્ય પ્રખ્યાત સ્થાનિક મંદિરોમાં ગયાં. BHU કેમ્પસ ખૂબ મોટું અને હરિયાળું છે. કેટલાંક depts. બહારથી જોયાં. કેમ્પસ પર બિરલા મંદિર પણ મુલાકાત લેવા જેવું ખરું. મંદિરની દીવાલો પરનું નકશીકામ સરસ હતું. ફૂલ-ઝાડ, ફુવારાથી મંદિરનું પરિસર પ્રફુલ્લિત લાગતું હતું. આમ ઈશ્વર દર્શન, ગંગા કી મોજ અને સાથે લસ્સી-રબડી, સમોસા, રસગુલ્લા, ચાટ અને ગોલગપ્પાની લિજ્જત સાથે અમારી કાશી વિશ્વનાથયાત્રા સંપન્ન થઈ.

<u>કાશી વિશ્વનાથ યાત્રા – ભાગ - ૨ – વર્ષ : ૨૦૨૪</u>

શ્રી વિવેક દેસાઈના પુસ્તક 'બનારસ ડાયરી'માં વાંચેલું કે જે એક વખત કાશી જાય એને મહાદેવ પાંચ વખત બોલાવે. વર્ષ ૨૦૨૩માં પણ અમે સિક્કિમ પ્રવાસ વખતે વારાણસીની ટૂંકી મુલાકાત લીધેલી. અને હવે આ ત્રીજી મુલાકાત ડિસેમ્બર ૨૦૨૪માં. આ વખતે બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં ડિપાર્ટમેંટ ઓફ પોલિટિકલ સાયન્સ, International Asso. of Women Philosophers (IAPH) તથા Centre for the History of Women Philosophers and Scientists,Paderborn Uni.,જર્મનીના સાયુજ્યથી આંતરરાષ્ટ્રીય પરિસંવાદ માટે રિસર્ચ પેપર સિલેક્ટ થયું એ પ્રેઝન્ટ કરવા જવાનો મોકો મળ્યો.

આ વખતે હું અને મમ્મી જ જવાના હતા. યુનિ. કેમ્પસ પર એ દિવસો દરમિયાન ઘણા ભવનોમાં પરિસંવાદ હોવાથી યુનિ. ગેસ્ટહાઉસમાં રહેવાની વ્યવસ્થા ન થઈ શકી. આથી, અમે શ્રી રામકૃષ્ણ આશ્રમના ગેસ્ટ હાઉસમાં રોકાયા. આશ્રમ પરિસર ખૂબ વિશાળ છે. શ્રી રામકૃષ્ણ દેવનું મંદિર, ત્રણેક ગેસ્ટહાઉસ તથા હોસ્પિટલ પણ ત્યાં આવેલાં છે. અમને મહિલાઓ માટેના સરસ્વતી નિવાસમાં રહેવાનુ મળ્યું. આશ્રમમાંથી જ ગાડી બુક કરેલી હતી એટલે વારાણસી રેલ્વે સ્ટેશન પર લેવા પણ આવી ગયેલા. સ્ટેશનથી આશ્રમ પહોંચતા જાણવા મળ્યું કે હાલ વારાણસીમાં રોપ વે નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. રોપ વે ગંગાજીના દર્શન ઉપરથી કરી શકાય એ રીતે નિર્માણ થશે. ગેસ્ટહાઉસ ખૂબ મોટું, વિશાળ રૂમ અને તમામ મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડે એવું હતું. ત્યાંના ડાઈનિંગ હૉલમાં નાસ્તો તથા બે ટંકનું જમવાનું પણ મળે. જમવાનું શાકાહારી પણ બંગાળી રીતનું હોવાથી આપણને બહુ ભાવે નહીં. છતાં, આ તો ઠાકુરનો પ્રસાદ એટલે એ રીતે ત્યાં જ જમ્યા.

બીજે દિવસે સવારે અસ્સી ઘાટની આરતીનો લ્હાવો લેવા પરોઢિયે ૪ વાગ્યે આશ્રમથી નીકળ્યાં. સવારે ૫:૩૦ વાગ્યે આરતી થાય. ઘાટ પર સેંકડો લોકો બેસી શકે એટલી ખુરશીઓ મૂકેલી હતી. નીચે બેસવા માટે પણ

એક કવિને બાદશાહે ઘોડો ઇનામ આપ્યો.

સંજોગોવસાત એ ઘોડો તે જ રાતે મરી ગયો. સવારે બાદશાહે ઘોડાની ચાલ વિશે પૂછ્યું,

કવિએ કહ્યું : એની ચાલ ખૂબ ઝડપી હતી. એક જ રાતમાં તે આ દુનિયામાંથી બીજી દુનિયામાં પહોંચી ગયો!'

જાજમ પાથરેલી હતી. અમે પહોંચ્યા ત્યારે ઘણાં લોકો આવી ગયાં હતાં. અમે પણ આગળ જગ્યા શોધીને બેસી ગયાં. આરતીનો સમય નજીક આવતાં પંડીતે લોકોને સ્વ-સ્થાને બેસી જવા તથા શાંતિ જાળવવા અપીલ કરી. દિવ્યાનુભૂતિમાં જોડાવા વિનંતી કરતા હતા ત્યારે એમણે કહ્યું, “You can't rejoice by clapping but feel the spiritual experience inside your heart.” ને એ ખરેખર કોઈ અનન્ય વિશ્વમાં આપણને લઈ જાય એવું હતું. મળસ્કાનો સમય અને કપૂર-ધૂપ-દીપથી વાતાવરણ મઘમઘી ઉઠ્યું. એકસાથે સાત બ્રાહ્મણો મા ગંગાની આરતી ઉતારી રહ્યા હતા. રેશમી રેડીશ મરૂન ઉપવસ્ત્ર અને ગોલ્ડન ધોતી તથા ખેસમાં ત્રિપુંડ કરેલા બ્રાહ્મણો કિનારા પર પ્લેટફોર્મ જેવુ બનાવેલું છે તેના પર ચઢીને ગંગાજીની આરતી કરે. એ પ્લેટફોર્મ પણ જાજમ અને ફૂલોથી શણગારેલું. બરાબર ૫:૩૦ના ટકોરે શંખનાદ થયો અને ટકોરી-ઘંટારવ-ઝાલરના મધુર નાદથી રોમરોમ પુલકિત થયું. સવારની આરતી માત્ર વૈદિક મંત્રો પર જ થાય છે. વારાણસીમાં મહાત્મા ગાંધી વિશ્વ વિદ્યાલય છે ત્યાંની વિદ્યાર્થિનીઓ દ્વારા મંત્રોચ્ચારના સથવારે માં ગંગાની દિવ્ય-ભવ્ય આરતી નિહાળી અમે પુલકિત થયાં. પરોઢનું નીરભ્ર આકાશ ને ઝીણા ટમટમતા-આથમતા તારા; હળવેથી ગંગા નદીમાંથી બહાર આવતો કેસરિયો સૂરજ. તેની આછેરી ગુલાબી-કેસરી લાલીમા આકાશમાં પથરાય ને એમાં ધૂપના ને આરતીના પવિત્ર ધુમાડાના વલયો ઉપર ચડતા જાય. જાણે સૂર્યનારાયણ દેવ પણ આરતીની આશકા લેવા પધારી રહ્યા હતા! સૂર્યના તેજસ્વી પ્રકાશે ગંગાનદીનું પાણી સોનેરી ચળકી રહ્યું હતું. અમે સૂર્યમંત્રની સાથે માં ગંગાને અને સૂર્યનારાયણને પ્રણામ કર્યાં. હૃદયમાં સ્પંદનો ઉત્પન્ન થતાં હતાં. એ સ્પંદનો વાજિંત્રોના નાદને લીધે હતા કે સ્વર્ગીય આરતીદર્શનને લીધે હતા એ કહેવું મુશ્કેલ છે. બસ એનું તો વર્ણન કેમે ન થાય... આરતી પૂરી થયા બાદ ત્યાં ઘાટ પર જ એક સ્ટેજ જેવુ બનાવેલું છે ત્યાં શાસ્ત્રીય સંગીતનો 'સુબહ-એ-બનારસ' કાર્યક્રમ યોજાય છે. સાથે કેટલાંક લોકો યોગાસન-પ્રાણાયામ કરતાં પણ નજરે ચડે. વારાણસીના અચ્છા કલાકારો ત્યાં પોતાની કળા પ્રસ્તુત કરે. અમે પણ ચાની ચૂસકી લેતાં એ કાર્યક્રમ માણવા થોડી વાર બેઠાં. કલાકારશ્રી રાગ જૌનપુરીમાં એક શિવભજન ગાઈ રહ્યા હતા. એ દિવસથી જ સેમિનાર પણ શરૂ થતો હોવાથી અમે આખો કાર્યક્રમ તો ન માણ્યો પણ તેની ઝલક ચોક્કસ માણી. આશ્રમ પરત આવી ફ્રેશ થઈ હું પહોંચી બનારસ હિન્દુ યુનિવર્સિટી. મમ્મી આશ્રમમાં જ રોકાયેલી રહી. તેણે ગમતાં પુસ્તકો સાથે લીધેલાં એ વાંચ્યા ને આરામ કર્યો.

સેમિનારમાં inauguration અને keynote panel session પછી સાંજે ક્લાસિકલ મ્યુઝિકનો પ્રોગ્રામ હતો પણ શિયાળો હોય ત્યાં અંધારું બહુ વહેલું થઈ જાય. એટલે હું ત્યાં સાંજના કાર્યક્રમમાં ન રોકાઈ અને આશ્રમ ગેસ્ટહાઉસ પરત આવી. આશ્રમમાં સાંજની આરતીમાં હાજરી આપી. જમ્યા, સૂઈ ગયાં.

બીજે દિવસે પણ આશ્રમમાં જ મંગળા આરતીનો લાભ લીધો. પછી ગયાં કાશી વિશ્વનાથ મહાદેવના દર્શને. વહેલી સવારનો સમય હતો એટલે ભીડ બહુ ન હતી. સુગમતાથી દર્શન થયાં. મંદિર પરિસરમાં પખાવજ અને બાંસુરી પર ઓમકારનું ગુંજન સંભળાઈ રહ્યું હતું. મહાદેવને દૂધ અને પુષ્પ અર્પણ કર્યાં. પાછા ફરતાં રસ્તામાં બનારસનો પ્રખ્યાત નાસ્તો કચૌડી-સબ્જી ખાધાં. અમે સાઇકલ રિક્ષામાં બેઠાં હતાં. સાઇકલ રિક્ષા ચલાવવી મહેનતનુ કામ. અમે એ ભાઈને પણ કચૌડી-સબ્જી ખવરાવ્યાં. ગેસ્ટહાઉસ પર પહોંચી, તૈયાર થઈ ફરી યુનિવર્સિટી જવા રવાના. બપોર પછી શહેરના અન્ય નાના-મોટાં મંદિરો અને નજીકની માર્કેટની મુલાકાત લીધી.

સાંજે દશાશ્વમેધ ઘાટ પર આરતીમાં સહભાગી થવા ગયાં. ખરેખર, એક વખત ત્યાંની ગંગા આરતીનો

લ્હાવો લેવા જેવો છે. હજારોની માનવમેદની છતાં બધુ ખૂબ જ સરસ રીતે ગોઠવેલું. બેઠક વ્યવસ્થાનું તો પૂછવું જ શું? હાજર દરેક વ્યક્તિને બેસવાની જગ્યા મળી રહે એ રીતનું સુંદર વ્યવથાપન. કોઈ ઉતાવળ નહીં, કોઈ દોડધામ નહીં. ખૂબ શાંતિથી આરતી શરૂ થયાની પંદરેક મિનિટ પહેલાં બધાએ ફરજિયાત બેસી જવાનું. ખુરશી પર, નીચે કે આરતીસ્થાનની સન્મુખ બોટમાં બેસીને પણ આરતી નિહાળી શકાય. બહુ થોડાં લોકોને ઉભું રહેવું પડે. એક વખત સ્થાન લઈ લીધાં પછી કોઈ હલનચલન નહીં. એકદમ શાંત વાતાવરણ. આરતી શરૂ થયાની ૧૦ મિનિટ પહેલાં એન્ટ્રી કે re-shuffling બંધ થઈ જાય. મંત્રોચ્ચાર, અચ્યુતમ કેશવમ વગેરે ગવાય ને પછી જય ગંગે માતા અને શિવતાંડવ સ્તોત્ર પર ગંગામૈયાની આરતી થાય. સાત પંડિતો શંખ ફૂંકે, કુલ ચૌદ ઘંટ એકસાથે વાગે, ટકોરીનો મધુર ધ્વનિ ને સાથે ધૂપ-દીપથી પ્રજ્વલિત પવિત્ર વાતાવરણ. આકાશમાં ચંદ્રમા અને તારલા ને નીચે આ દિવ્ય દ્રશ્ય. અત્યંત અદભુત... આરતી પૂરી થયા બાદ 'ૐ નમ: પાર્વતી પતયે હર હર મહાદેવ હર'નો નાદ અને એ જયઘોષ ઝીલ્યાની સાક્ષી રૂપે મા ગંગાનું ખળખળ વહેતું પાણી. સાચે જ, વારાણસીની સવારની અને સાંજની ગંગાઆરતી નો લ્હાવો જીવનમાં એક વખત અચૂક લેવો જોઈએ.

ત્રીજો દિવસ છેલ્લો દિવસ હતો. એ દિવસે મારુ પેપર પ્રેઝન્ટેશન હતું. આ વખતનો વારાણસીનો યાત્રા-પ્રવાસ બૌદ્ધિક-આધ્યાત્મિક રહ્યો. મોડી રાતની ટ્રેન હતી. પણ આશ્રમમાંથી જવું ગમતું ન હતું. કોઈ સાથે ઓળખાણ નહીં છતાં બધું પરિચિત લાગે, આત્મીય લાગે એનાથી વિશેષ શું જોઈએ! આશ્રમમાં દર્શન કરી, રાત્રિ ભોજન લઈ ૧૦:૩૦ વાગ્યે અમે નીકળી ગયાં રેલ્વે સ્ટેશન જવા. હૃદયમાં કૃતજ્ઞતાની લાગણી, આંખમાં દિવ્યાનુભૂતીના હર્ષાશ્રુ ને અવિસ્મરણીય યાદો લઈ અમે રાજકોટ આવવા નીકળ્યાં.

- ડો. પ્રેરણા બુચ, રાજકોટ. M.94267 80228

---

**<u>અનંતના યાત્રીઓ</u> :** <u>અમદાવાદ</u>: મુનિન્દ્રભાઈ તન્સુખરાય કિકાણી (રિટા. સિટી સિવિલ - સેશન્સ જજ) (ઉં. વ. ૯૫) મા. પરિમલાબેન જયેન્દ્રભાઈ ઓઝા (ઉ.વ.૯૫) અલકાબેન મયંકભાઇ દેસાઇ, દિવ્યકાંતભાઈ દિલીપરાય ત્રિવેદી, યોગેન્દ્રભાઈ જયાપ્રસાદ બક્ષી,ડૉ. પુષ્પેન્દ્રભાઈ હર્ષદરાય દેસાઈ, દીપેન્દ્ર મધુસૂદન વૈષ્ણવ, નિખિલભાઈ અંગદરાય નાણાવટી, અંજારના શિવપ્રસાદભાઈ વ્રજલાલભાઈ વોરા, રાજેશ ચંદ્રકાંત માંકડ (ઉં. વ. ૬૧) <u>વડોદરા</u> : મૌલેશ મધુસુદન-ભાઈ પોટા, મેહુલભાઈ બિપીનભાઈ મહેતા (ઉ.વ.૭૨) મેહુલ અશ્વિનભાઈ વસાવડા (ઉ.વ.૪૭), પલ્લવીબેન અંજનભાઈ મજમુદાર, કૈલાશભાઈ કિશોરચંદ્ર અંતાણી (ઉ.વ.૮૩) <u>જૂનાગઢ</u> : મુનિન્દ્રભાઈ રમણિકલાલ દેસાઈ (ઉં.વ.૭૯) (બરછી પ્રતિનિધિ શ્રી ઋષિભાઈ તથા શ્રી મયુરભાઈ દેસાઈના વડીલ બંધુ) <u>જામનગર</u> : શ્રી લલિતભાઈ શાંતિલાલ માંકડ, શ્રીમતી ઉર્વશીબેન વિપીનચંદ્ર વૈશ્નવ (ઉ.વ. ૮૧) <u>રાજકોટ</u> : દિવ્યાબેન વસાવડા મહેન્દ્રરાય વસાવડા (ઉં.વ.૮૫) સૌ. વિભા દિવ્યેશ અંતાણી (ઉ.વ.૫૮) દક્ષાબેન પ્રદ્યુમ્ન ભાઈ ઝાલા(ઉ.વ.૮૪) કશ્યપભાઈ ભાસ્કરભાઈ પોટા, ચંદ્રિકાબેન ભાસ્કરભાઈ છાયા, નીલાબેન બાલેંદુભાઈ પાઠક (ઉં.વ.૭૮) નિરંજના પ્રકાશભાઈ બુચ, માત્રી મૃગેન્દ્રભાઈ વસાવડા, ડો. લલિતભાઈ વસાવડા, ગ.સ્વ. કૌશલ્યબેન કૈલેશભાઈ પંડ્યા(ઉ.વ. ૭૩) (જ્ઞાતિગોર સ્વ.રમેશભાઈ આચાર્યના પુત્રી)દ્રુપદભાઈ મહેશચંદ્ર દેસાઈ, <u>ગાંધીનગર</u> : અ.સૌ. યસ્મિતાબેન વિનય ઓઝા, <u>ભાવનગર</u> : ઉત્પલભાઈ સુમનલાલ વૈદ્ય (ઉ.વ. ૫૯) હર્ષાંગ તિરુપતિભાઈ મહેતા, ભાવનાબેન રસેષભાઇ બુચ, <u>મુંબઈ</u> : શૈલેષભાઈ ઉપેન્દ્રભાઈ સ્વાદિયા <u>પોરબંદર</u> : વિરેશભાઈ દિનકરરાય ઓઝા, ગં સ્વ. દેવીબેન કાંતિલાલ વૈષ્ણવ, (ઉ.વ. ૯૩).<u>જયપુર</u> : મધુસૂદનભાઈ કિશોરચંદ્ર માંકડ (ઉ.વ.૮૧)

## મહારાજા સયાજીરાવનો- પુસ્તક પ્રેમ અને પુસ્તકાલયોની યોજના :

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો અને પ્રવાસ દરમિયાન જે કંઈ સારું લાગે તે ખરીદી લેતા કે મોકલી આપવાનો ઓર્ડર આપી દેતા હતા. સારી બાબતો અપનાવી લોક સુવિધામાં વધારો કરતા રહેતા હતા. ૧૯૦૬માં યુરોપ અમેરિકાના પ્રવાસ દરમિયાન તેઓએ તેની સાર્વજનિક પુસ્તકાલયની સુવિધા જોઈ અને ત્યાંથી તાર કરીને વડોદરા રાજ્યમાં પણ આવી સુવિધાઓ રાખવાની સૂચના અધિકારીઓને આપી દીધી.

૧૯૧૦માં ફરી તેઓ અમેરિકા ગયા, ત્યારે પુસ્તકાલય શાસ્ત્રમાં વ્યાખ્યાતા વિલિયમ એલેન્સન બોર્ડનની સેવાઓ વડોદરા રાજ્ય માટે લેવાનું નક્કી કરતા આવ્યા. એ રીતે બોર્ડન ક્યુરેટર તરીકે ત્રણ વરસ રહ્યા અને મધ્યસ્થ પુસ્તકાલયને સમૃદ્ધ બનાવવાનું, ચોતરફ ફેલાયેલા વિશાળ રાજ્યમાં પુસ્તકાલયોની ગૂંથણી રચવાનું કામ થયું. તેમને સહાયક તરીકે નિષ્ઠાવાન શિક્ષક અને નિષ્પ્રુહી લોક સેવક મોતીભાઈ અમીન મળ્યા. જેમણે વડોદરા રાજ્યની પ્રજાને વાંચતી કરવામાં મહત્વ પૂર્ણ ભાગ ભજવ્યો છે ગાંધીજીએ તેમને 'ચરોતરના મોતી' તરીકે બિરદાવ્યા હતા. આ પુસ્તકાલયમાં દેશ વિદેશના લેખકોના પુસ્તકો, સામયિકો મંગાવવામાં આવતાં હતાં. રાજ્યમાં 'ગામ ત્યાં શાળા' અને 'શાળા ત્યાં પુસ્તકાલય' ના સૂત્રને મૂર્ત સ્વરૂપ મળતાં આ સૂત્ર સાર્થક થયું.

ગ્રીસના એક પ્રાચીન પુસ્તકાલયના પ્રવેશ દ્વારે એવું લખાણ જોવા મળતું હતું કે, 'જે સમાજ વાંચે છે, તે વિચારે છે; જે વિચારે છે, તે આચરે છે અને જે આચરે છે તે વિકસી શકે છે.'

વડોદરા નરેશે આ વિચાર તેમના જીવનમાં વણી ને ચરિતાર્થ કર્યો છે તેમ ચોક્કસપણે માનવું પડે.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી- રાજકોટ.

પ્રકીર્ણ

**પરીક્ષાના પરિણામ :**

ધોરણ : ૧૦

મંત્ર જીમિત વકીલ CBSE ૮૩% અમદાવાદ
કેશવી જયદીપ ત્રિપાઠી ૮૯% વડોદરા
હિયા સુકેતુ દેસાઈ CBSE ૯૬% વડોદરા
હિત આનંદભાઈ દેસાઈ ૯૩ % જુનાગઢ

ધોરણ : ૧૨

નમ્ય નિરવ માંકડ ૯૪% CBSE વડોદરા
આદિત દર્શન છાયા ૯૬% CBSE વડોદરા
અનુજ દર્શન છાયા ૯૬% CBSE વડોદરા

**લો.....**

ચાર લીટીનો કાગળ થઈને અમે આપને મળવા આવ્યા
હરૂભરૂનો ખયાલ લઈને અક્ષરમાં ઓગળતા આવ્યા.
આમ જુઓ તો લખવા જેવું કામ નથી કંઈ અને છતાં છે
જુદાં ગણો તો આપણ બેનાં નામ નથી કંઈ અને છતાં છે
નામ-કામ-કારણનો સઘળો ભાર તજીને હળવા આવ્યા
ચાર લીટીનો કાગળ થઈને અમે આપને મળવા આવ્યા
લખવામાં તો કાં, કેમ છો બેઠા છો ને ? પૂછવા જેવું
નથી લખ્યું તે તમે સમજજો આંખ ભરીને લૂછવા જેવું
ભર બપ્પોરે ટપાલ રસ્તે ઝરણું થઈ ખળખળવા આવ્યા
ચાર લીટીનો કાગળ થઈને અમે આપને મળવા આવ્યા.

– ધ્રુવ ભટ્ટ

**અલગ અલગ :**

**હર મોસમના હાલ અલગ અલગ હોય છે—**
**હર ઉપવન એક,ફાલ અલગ હોય છે..**
**આપણે સર્વે મરવા જ જન્મ્યા છીએ,**
**છતાં જીવ—જીવને 'ચાલ' અલગ હોય છે.**
**એમ જાણો કે સિતાર—સંતૂર એક—**
**રણકતા તાલ એના અલગ હોય છે.**
**તકદીર તો સૌને આપ્યું છે કિરતારે—**
**સૌના એના 'અહેવાલ' અલગ હોય છે.**
**ક્યાં સુધી ગડમથલ કરશો જિંદગીમાં—**
**અરે! સર્વેની 'આજકાલ' અલગ હોય છે.**
**—જસમીન દેસાઈ—દર્પણ—રાજકોટ.**

જાહેરાત

## ABM TRAVELS

Discover your choice of destination in 2025,we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays.

Shimla /Manali /Dalhousie /
Dharamshala Amritsar /VaishnoDevi
Ladakh /kashmir /Nainital /Corbet/
Mussoorie /Darjeeling Gangtok/ Ooty /Coorg
Kodaikanal kerala/ Lakshadweep
Andaman/ Guwahati/ Shilong /Kaziranga
Rajasthan/ MP /Goa south India /
Nepal/ Dubai /Singapor/
Thailand /Malaysia/ Bali /
Maldives/ Mauritius/ Vietnam/
Religious places and many more.

**Avinash Mehta - 9820817318**
abmtravels@gmail.com

વડોદરા ખાતે 'ચાય બગ્સ કાફે'
અંજારિયા પરિવારનું સાહસ.
મુલાકાત લેનાર સૌ કોઈના આભારી છીએ..
શુધ્ધ અને સાત્વિક..
ભારતીય - મેક્સિકન - ઇટાલિયન -
ચાઈનીઝ - કોન્ટિનેન્ટલ
જેવી વિવિધ વાનગીઓનો આસ્વાદ
માણવા "ચાય બગ્સ કાફે એન્ડ રેસ્ટ્રો"
ની એકવાર અવશ્ય મુલાકાત લ્યો..
વિમલનાથ કોમ્પ્લેક્સ,
SBI ઇલોરા પાર્ક બ્રાન્ચ પાસે,
હાઈટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા.
મો. ૯૪૦૮૭૩૩૪૫૩

MBBS, MD (ANESTHESIA-pursuing Second year GIRL)
Birth date : 1996/
Hight : 5'.4"
seeks Groom, MD / MS
Preferably
Surgery/Orthopedic/
Anesthesia
Gujarati Nagar
Brahmin
yagnik.s68m@gmail.com

નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર(પાટણ)
ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫
મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૯૪૨૮૫૫૩૧૨૬